બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# માતૃપ્રેમના કાવ્યો

સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ "ઓ-કાન્હા"



https://okanha.wordpress.com

મમતાનો વીરડો રે મારી માવડી

હે એવો મમતાનો વીરડો રે મારી માવડી.
હે વહે સદા આંખે અમીધાર રે માવલડી મારી.

હે એવા મધથી રે મીઠડાં તે તારા વેણલાં
હે હોઠે ઝરે હેત ભારોભાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે એવા પથરાં રે જેટલાં રે પૂજ્યા દેવને... રે માએ (2)
હે નવનવ મહિના કોઠે જીલ્યા વાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે એવા ભીને રે રહીને સૂકે સૂવડાવ્યા
હે કેમ ભૂલું હું મા તારા ઉપકાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે...

હે જનની જાણે જગદંબાનું રૂપ રે માવલડી મારી.
હે એવો મમતાનો વીરડો રે મારી માવડી.

-લોકગીત

જનની - દામોદર ખુશાલદાસ બોટાદકર

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જૂદેરી એની જાત રે ... જનનીની

અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે ... જનનીની

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે ... જનનીની

દેવોને દૂધ એનાં દોહ્યલા રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે ... જનનીની

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે ... જનનીની

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે ... જનનીની

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતા ખૂટે ન એની લ્હાણ રે ... જનનીની

ધરતી માતા એ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે ... જનનીની

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે ... જનનીની

વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે ... જનનીની

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે
જનનીની જોડ સખી! નહી જડે રે લોલ. - દામોદર ખુશાલદાસ બોટાદકર

હયાત માતા-પિતાની છત્રછાયામાં

હયાત માતા-પિતાની છત્રછાયામાં,
વ્હાલપનમાં બે વેણ બોલીને, નિરખી લેજો,
હોઠ અડધા બિડાય ગયા પછી,
ગંગાજળ મૂકીને શું કરશો...

અંતરના આશીર્વાદ આપનારને,
સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો,
હયાતી નહી હોય ત્યારે નત મસ્તકે,
છબીને નમન કરીને શું કરશો...

કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે,
પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે,
લાખ કરશો ઉપાય તે વાત્સલ લ્હાવો નહીં મળે,
પછી દિવાનખંડમાં તસવીર મૂકીને શું કરશો...

માતા-પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે,
અડસઠ તિરથ તેના ચરણોમાં બીજા તિરથ ના ફરશો,
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં,
પછી કિનારે છીપલાં વીણીને શું કરશો...

હયાત હોય ત્યારે હૈયું તેનું ઠારજો,
પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો,
પંચભૂતમાં ભળી ગયા પછી આ દેહના,
અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો...

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો,
હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થ સાથે કરજો,
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે,
પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો...

પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહીં મળે,
ગયો સમય નહીં આવે, લાખો કમાઈને શું કરશો,
પ્રેમથી હાથ ફેરવીને ‘બકા‘ કહેનાર નહીં મળે,
પછી ઉછીનો પ્રેમ લઈને, આંસું સારીને શું કરશો... - અજ્ઞાત

દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે - અનિલ ચાવડા

દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે.
દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે.

સ્હેજ અડતાંમાં જ દુઃખો સામટાં થઈ જાય છે ગાયબ,
મા હથેળીમાં સતત જાદૂઈ એવો સ્પર્શ રાખે છે.

આપી દે થોડાં પતિને, આપી દે સંતાનને થોડાં,
મા સ્વયંને જીવવા તો એક પણ ક્યાં વર્ષ રાખે છે.

ઠેસ બાળકને કદી ક્યાંયે ન વાગે એટલા માટે,
મા સદા ચોખ્ખી જ ઘરની ને હૃદયની ફર્શ રાખે છે.

જો પ્રભુ સૌને જનમ આપે છે તો મૃત્યુય આપે છે,
મા તો ઈશ્વરથીય ઊંચો આગવો આદર્શ રાખે છે.

ચોરખિસ્સામાં બધાંયે આંસુઓ સંતાડી રાખે છે,
મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.

- અનિલ ચાવડા

બા લાગે વહાલી - ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

બા લાગે વહાલી, મને તો બા લાગે વહાલી
વહાલામાં વહાલી, મને તો બા લાગે વહાલી
હિંચોળી ગીત મીઠાં ગાતી
દૂધ મીઠું પાતી, મને તો બા લાગે વહાલી

જે માગું તે સઘળું દેતી
બચીઓ બહુ લેતી, મને તો બા લાગે વહાલી

હસું રમું તો રાજી થાતી
રડું તો મૂંઝાતી, મને તો બા લાગે વહાલી

વાંક બધા યે માફ કરીને
મારા ગુણ ગાતી, મને તો બા લાગે વહાલી

-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

બીજા વનવગડા ના વા - અવિનાશ વ્યાસ

શરણ વેઠીને , મરણ સુધીનું જેણે જીવતર દીધું આ,
અને કદીયે મુખથી ના ના નીકળી સદાયે હાં ની હાં,
આવ કહ્યું નહિં કોઈ કહેનારું, વહાલા વેરી સૌ કહે જા,
ત્યારે થાક્યા નો વિસામો, તું ક્યાં છે મારી માં.....ઓ મા........

બીજા વનવગડા ના વા , તુ ક્યાં છે મારી મા,
ઓ ચાંદા મામા, તારી બહેની ને મારી જનની ના ,
ક્યાં છે વિસામા...... તુ ક્યાં છે મારી મા.........

આ વિશાળ છે આકાશ, અને વસુંધરા ઘણી મોટી,
સ્થળ સ્થળ, જળ જળ, કણકણ માં, મારી આખ્યું માને જોતી,
બાળપણે પીવડાવ્યો એવો, એક પ્યાલો પાણી પા....તુ ક્યાં છે મારી મા.........

જનમ્યા તે સર્જાયા મરવા, માત તાત ને ભ્રાત,
પણ મારી જેમ દુખીયારી ની, કદી મરશો ના કોઈ ની મા,
ફરી ઝુલાવી, હા લુ લુ હા....ઓ મારા લાલ,
ફરી ઝુલાવી ઘોડીયે એક હાલરડું તો ગા......

બીજા વનવગડા ના વા , તુ ક્યાં છે મારી મા,
ઓ ચાંદા મામા, તારી બહેની ને મારી જનની ના ,
ક્યાં છે વિસામા...... તુ ક્યાં છે મારી મા.........

-અવિનાશ વ્યાસ

મા - માધવ રામાનુજ

મા તારે આંગણિયે વાયું વહાણું
મા તારા પૂજનનું થયું ટાણું....

આકાશ ગંગાના જળ ભરી લાવું,
કિરણોના કંકુથી માને વધાવું,

ક્યા રાગે માડી આજે ગાઉં તારું ગાણું....
મા તારા પૂજનનું થયું ટાણું....

સાતે સમંદરના મોતીની માળા,
માડી તારાં પળપળ રૂપ નિરાળાં,

હું તો છું અબૂધ, તારી લીલા શું જાણું....
મા તારા પૂજનનું થયું ટાણું....

જીવતરની કેડિયુંને અજવાળાં દેજે,
અંતરના દીવડામાં ઝળહળ રેજે,

ધરતીનું રૂપ જાણે નયણે સમાણું....
મા તારા પૂજનનું થયું ટાણું....

-માધવ રામાનુજ

દરિયો ડોલે રે માઝમ રાતનો - ઝવેરચંદ મેઘાણી

દરિયો ડોલે રે માઝમ રાતનો, હે....ઝૂલે જાણે પારણે મારો વીર રે,
મધરાતે માતા રોતા વીરાની દોરી તાણતી.

છલકે મોજા રે છોળો મારતા, હે...ખૂંદે જાણે ખોળલા મારો વીર રે
મધરાતે માતા રોતા વીરાની દોરી તાણતી.

આભમાંથી ચાંદો રેલે ચાંદની, હે...પાથરે જાણે વીરાના ઓછાડ રે
મધરાતે માતા રોતા વીરાની દોરી તાણતી.

ઝબકે ઝબકે રે ઝીણી વીજળી, હે....ઝબકે જાણે સોણલે મારો વીર રે
મધરાતે માતા રોતા વીરાની દોરી તાણતી.

દરિયો ગાજે રે માઝમ રાતનો, હે....માવડી જાણે વીરને હ્રાલા ગાય રે
મધરાતે માતા રોતા વીરાની દોરી તાણતી.

- ઝવેરચંદ મેઘાણી

મા ઉપરના હાયકુ - ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'

સુંઘે છે શીશ
મારું મા : સુભાગ્ય કે
નથી દેખતી !

માતાના સ્તને
અજાણ દુષ્કાળથી
બાલ કનૈયો

વઢકળી યે
લાગ મા કેવી વ્હાલી
વઘાર વેળા !

પારણે શિશુ,
શરદચંદ્ર : ગુંથે
ઝબલુ માતા

બેબી ના ફ્રોકે
પતંગિયુ : ઝુલતું
માની કીકીમાં

ખેંચતું માને
બંધ ઢીંગલીઘરે
રડે બાળક

"આયવો ભાઇ !"
વૃદ્ધત્વ ખરી પડ્યું,
કોળ્યું કૈશોર્ય !

- ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'

માતા વિના સૂનો સંસાર - મહાકવિ શ્રી પ્રેમાનંદ

કેમ કરી લજ્જા રહેશે, તાત? હું શેં ન મૂઈ મરતાં માત?
માતા વિના સૂનો સંસાર, નમાયાંનો શો અવતાર?

જે બાળકની માતા ગઈ મરી, બાપ-સગાઈ સાથે ઊતરી,
જેમ આથમતા રવિનું તેજ, મા વિના તેવું પિતાનું હેજ.

સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિના જેમ તરફડે મચ્છ,
ટોળા-વછોહી જેમ મૃગલી, મા વિના તેમ પુત્રી એકલી.

લવણ વિના જેમ ફિકું અન્ન, ભાવ વિના જેહેવું ભોજન,
કીકી વિના જેવું લોચંન, મા વિના તાતનું તેવું મંન,

ઘડો ફૂટે રઝળે ઠીકરી, મા વિના એવી દીકરી;
ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર.

-મહાકવિ શ્રી પ્રેમાનંદ
("કુંવરબાઈનું મામેરું"માંથી)

આંધળી માનો કાગળ - કવિશ્રી ઇન્દુલાલ ગાંધી

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત્
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,
ગગો એનો મુંબઇ ગામે ;
ગીગુભાઇ નાગજી નામે.

લખ્ય કે માડી ! પાંચ વરસમાં પ્હોંચી નથી એક પાઇ
કાગળની એક ચબરખી પણ, મને મળી નથી ભાઇ !
સમાચાર સાંભળી તારા ;
રોવું મારે કેટલા દા’ડા ?

ભાણાનો ભાણિયો લખે છે કે, ગગુ રોજ મને ભેળો થાય
દન આખો જાય દા’ડિયું ખેંચવા રાતે હોટલમાં ખાય,
નિત નવાં લૂગડાં પે’રે
પાણી જેમ પઇસા વેરે.

હોટલનું ઝાઝું ખાઇશ મા, રાખજે ખરચીખૂટનું માપ
દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી બાપ !
કાયા તારી રાખજે રૂડી ;
ગરીબની ઇ જ છે મૂડી.

ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ
જારનો રોટલો જડે નહિ તે દી પીઉં છું એકલી છાશ,
તારે પકવાનનું ભાણું
મારે નિત જારનું ખાણું.

દેખતી તે દી દળણાં, પાણી કરતી ઠામેઠામ
આંખ વિનાનાં આંધળાંને હવે કોઇ ન આપે કામ,
તારે ગામ વીજળીદીવા,
મારે આંહીં અંધારાં પીવાં.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર.
હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માગવા વારો. - કવિશ્રી ઇન્દુલાલ ગાંધી

દેખતા દીકરાનો જવાબ - કવિશ્રી ઇન્દુલાલ ગાંધી

ફાટ્યાં-તૂટ્યાં જેને ગોદડી ગાભાં, આળોટવા ફૂટપાથ,
આંધળી ડોશીનો દેખતો દીકરો, કરતો મનની વાત.
વાંચી તારાં દુ:ખડાં માડી ! ભીની થઈ આંખડી મારી.

પાંચ વરસમાં પાઈ મળી નથી, એમ તું નાખતી ધા,
આવ્યો તે દિ'થી આ હોટલને ગણી, માડી વિનાના 'મા'
બાંધી ફૂટપાયરી જેણે, રાખ્યો રંગ રાતનો એણે !

ભાણિયો તો માડી ! થાય ભેળો જે દિ' મિલો બધી હોય બંધ,
એક જોડી મારાં લૂગડાંમા, એને, આવી અમીરીની ગંધ ?
ભાડે લાવી લૂગડાં મોંઘા, ખાતો ખારા દાળિયા સોંઘા.

દવાદારૂ આંહી આવે ન ઢૂંકડા, એવી છે કારમી વેઠ,
રાત ને દિવસ રળું તોયે મારું, ખાલી ને ખાલી પેટ,
રાતે આવે નીંદર રૂડી, મારી કને એટલી મૂડી.

જારને ઝાઝા જુહાર કે'જે, ઊડે આંહી મકાઈનો લોટ,
બેસવા પણ ઠેકાણું ના મળે, ફૂબામાં તારે શી ખોટ ?
મુંબઈની મેડીયું મોટી, પાયામાંથી સાવ છે ખોટી.

ભીંસ વધીને ઠેલંઠેલા, રોજ પડે હડતાળ,
શે'રના કરતા ગામડામાં, મને દેખાય ઝાઝો માલ,
નથી જાવું દાડિયે તારે, દિવાળીએ આવવું મારે.

કાગળનું તારે કામ શું માડી ! વાવડ સાચા જાણ,
તારા અંધાપાની લાકડી થાવાના, મેં લીધા પચખાણ,
હવે નથી ગોઠતું માડી, વાંચી તારી આપદા કાળી.

- કવિશ્રી ઇન્દુલાલ ગાંધી

માના ગુણ – દલપતરામ

હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો ?
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે;
મને સુખ માટે કટુ કોણ ખાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઈ છાતી સાથે બચી કોણ લેતું ?
તજી તાજું ખાજું મને કોણ દેતું ?
મને કોણ મીઠાં મુખે ગીત ગાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

પડું કે ખડું તો ખમા આણી વાણી,
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;
પછી કોણ પોતતણું દૂધ પાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

મને કોણ કે'તું પ્રભુ ભક્તિ જુક્તિ,
ટળે તાપ-પાપ, મળે જેથી મુક્તિ;
ચિત્તે રાખી ચિંતા રૂડું કોણ ચા'તું,
મહા હેતવાળી દયાળી જ મા તું.

તથા આજ તારું હજી હેત તેવું,
જળે માછલીનું જડ્યું હેત તેવું;
ગણિતે ગણ્યાથી નથી તે ગણાતું,
મહા હેતવાળી દયાળી જ મા તું.

અરે ! એ બધું શું ભલું જૈશ ભૂલી,
લીધી ચાકરી આકરી જે અમૂલી;
સદા દાસ થૈ વાળી આપીશ સાટું,
મહા હેતવાળી દયાળી જ મા તું.

અરે ! દેવતા દેવ આનંદદાતા !
મને ગુણ જેવો કરે મારી માતા;
સામો વાળવા જોગ દેજે સદા તું,
મહા હેતવાળી દયાળી જ મા તું.

શીખે સાંભળે એટલા છંદ આઠે,
પછી પ્રીતથી જો કરે નિત્ય પાઠે;
રાજી દેવ રાખે સુખી સર્વ ઠામે,
રચ્યા છે રૂડા છંદ દલપતરામે.

– દલપતરામ

માં તે માં બીજા વગડા નાં વા.

સુખ તો સર્વે મળે જગતમાં,
એક મળે નહી માં
માં તે માં બીજા વગડા નાં વા.

ભીની તે કોર સુવરાવી
જતન અમારા તે તો કીધા
હેતનાં હિંડોળે ઝુલાવી
ફૂલનાં ઓશિકા તે દીધા
મારા દર્દને એ તો જાણે
સમજી જાતી પલકમાં
માં તે માં બીજા વગડા નાં વા.

અસહ્ય વેદનાં વેઠી
મારા સુખની કાજે
ભૂલશો એ નહી માં છે
એમાં સાક્ષાત પ્રભુજી બિરાજે
અમી ભરેલી એવી આંખડી
ક્યાં મળશે જગતમાં
માં તે માં બીજા વગડા નાં વા.

મા મને કોઈ દી સાંભરે નૈ – રવિન્દ્રનાથ ટાગોર (અનુ. ઝવેરચંદ મેઘાણી)

કેવી હશે ને કેવી નૈ
મા મને કોઈ દી સાંભરે નૈ
કોઈ દી સાંભરે નૈ
મા મને કોઈ દી સાંભરે નૈ

કોક કોક વાર વળી રમ્મત વચાળે મારા
કાનમાં ગણગણ થાય
હુ તુ તુ તુની હડિયાપાટીમાં
માનો શબદ સંભળાય
મા જાણે હિંચકોરતી વઈ ગઈ
હાલાંના સૂર થોડા વેરતી ગઈ

મા મને કોઈ દી સાંભરે નૈ....

શ્રાવણની કોક કોક વે’લી સવારમાં
સાંભરી આવે બા
પારિજાતકની મીઠી સુગંધ લઈ
વાડીએથી આવતો વા
દેવને પૂજતી ફૂલ લૈ લૈ
મા એની મ્હેક મ્હેક મેલતી ગઈ

મા મને કોઈ દી સાંભરે નૈ...

સૂવાના ખંડને ખૂણે બેસીને કદી
આભમાં મીટ માંડું
માની આંખો જ જાણે
જોઈ રહી છે મને
એમ મન થાય ગાંડું
તગતગ તાકતી ખોળલે લૈ
ગગનમાં એ જ દ્દગ ચોડતી ગૈ

મા મને કોઈ દી સાંભરે નૈ...

– રવિન્દ્રનાથ ટાગોર (અનુ. ઝવેરચંદ મેઘાણી)

માતૃત્વ -ધ્વનિ જોશી

એક દિ કુદરત ને આવ્યો હશે વિચાર.
સર્જું કાંઇક એવું,
હોય જેમાં ખુબીઓ અપાર..
મોહકતા દીધી સહુમાં કંઇક,
ખુટતું તોય લાગે વારંવાર.
સર્જું હું કંઈક એવું જે,
હોય સઘળા સર્જન નો સાર.
ઝરણા ની નિર્મળતા લીધી,
ને માંગી નદી ની સરળતા.
વૃક્ષો ની લીધી પરોપકારતા
ને માંગી દરિયા ની વિશાળતા
થોડી લીધી પહાડ ની કઠણાઈ,
ઝઝુમી ને રહેવા અડીખમ.
ફુલો થી લીધી કોમળતા,
ને અર્પી સઘળી સુંદરતા..
અને
નામ દીધું એને.. "નારી"...
હજુંય કઈક લાગ્યું ખુટતું.!! તો
મુકી એમાં મમતા...
ન કર્યું પછી એણે કાંઈ,
ખિલવા દીધો રંગ મમતાનો.
સઘળા ગુણો સમાયા એમાં,
ન મળ્યો કોઈ પર્યાય મમતાનો.
જીવથી ય વધુ જતન કરે એ,
આવવા ન દે એ કોઇ આંચ,
સંજોગ,પરિસ્થિતિ ની શું વિસાત.!
એ હરાવતી એમને સાચેસાચ..
છલકતો અઢળક પ્રેમ,
છે એનું અનન્ય અસ્તિત્વ,
દુનિયા નાં સહુ સંબંધમાં,
છે મુઠ્ઠી ઉંચેરું 'માતૃત્વ'.

-ધ્વનિ જોશી

માએ મનને ગજાવ્યાં – અશરફ ડબાવાલા

માએ મનને ગજાવ્યાં ગઝલગોખમાં રે!
માએ અમને તેડાવ્યાં શબદચોકમાં રે!

લાય લોહીમાં જગાવી અલખ નામની ને;
અમને રમતા મેલ્યા છે ગામલોકમાં રે!

મારું ઉપરાણું લઈને આ આવ્યું છે કોણ?
હૈયું છલકે ને હરખ ઊડે છોળમાં રે!

પહોંચું પહોંચું તો ઠેઠના ધામે હું કેમ?
લાગી લાગીને જીવ લાગ્યો પોઠમાં રે!

રહે જાતરા અધૂરીને ને ફળતો જનમ;
એવો મંતર મૂક્યો છે કોણે હોઠમાં રે!

મારે પીડાની મા કેવી હાજરાહજૂર!
કાં તો દૂમે દેખાય કાં તો પોકમાં રે!

જેની નેજવાના ગઢ ઉપર દેરી બાંધી;
એની ગરબી ગવાય રોમેરોમમાં રે!

– અશરફ ડબાવાલા

માવલડી - રમેશ પટેલ 'આકાશદીપ'

તું રે માવલડી ચંદન તલાવડી
જગની તરસ્યું છીપાવે જી રે

બા બોલું ને ઝૂલે રે બાળપણ
આયખે કેસર ઘોળે જી રે

માનો તે ખોળો પ્રેમનું પારણું
સ્વર્ગનો લ્હાવો લૂંટાવે જી રે

જનનીનું હૈયું ધરણીનું ભરણું
નિત નિત વ્હાલે વધાવે જી રે

અમી વાદલડી વરસે નયનોથી
જીવનમાં તૃપ્તિ સીંચે જી રે

તારી તપસ્યા ત્રણ લોકથી ન્યારી
દિઠું ઋણી જગ સારું જી રે

મા ને ખોળે ઝૂલ્યા જાદવજી
વૈકુંઠના સુખ કેવા ભૂલ્યા જી રે

પૂજું મા તને ચરણ પખાળી
તુજ દર્શનમાં ભાળ્યા જગદમ્બા જી રે

- રમેશ પટેલ 'આકાશદીપ'

માંની ગોદમાં - મોહમંદઅલી'વફા'

મમતા બધી લહેરાય છે જુઓ માંની ગોદમાં.
સ્વર્ગ પણ મ્હેકાય છે જુઓ માંની ગોદમાં

કરામત બધી સર્જાય છે જુઓ માંની ગોદમાં
પયંબરો બધા અંકાય છે જુઓ માંની ગોદમાં

ગાંડો હઠીલો બાળ ને હમેશા અસ્તવ્યસ્ત
કેવો જઈ એ લપાય છે જુઓ માંની ગોદમાં

સંતો વલીને ભકતજન બન્યા એની હુંફથી
દાતાને શૂર પોંખાય છે જુઓ માંની ગોદમાં

કોણ અહીં અર્પી શકે નિર્મળતા એનાં પ્રેમની
સ્નેહ કળી ગુંથાય છે જુઓ માંની ગોદમાં

આંસુઓ નાં ફૂલ લઈને ફાતિહા હું પઢું
મારા ગુના ધોવાય છે જુઓ માંની ગોદમાં

કદમો તળે મા'ના જન્નત છૂપાઈ છે.વફા'
જિંદગી સહુ સચવાયછે જુઓ માંની ગોદમાં

- મોહમંદઅલી'વફા'

સૌ માત - સુરેશ જાની

મેલ સૌના કાપતી, નીર નિર્મળ રાખતી,
સરિતા આ કલકલતી, માતા ગણાતી થઇ.

ભાર બધા ઝીલતી, ઘાવો ઘણા છતાં,
સુંદર આ ધરા સદા, માતા મનાતી થઇ.

ચંદ્ર સંગ મ્હાલતી, વળી ઓસરી જતી,
શીતલ ને નમણી આ, ચાંદની ચળાતી થઇ.

વૃક્ષોની લાડકી ને સૌની યે માનીતી,
શાતા દેનારી આ, છાયા છવાતી ગઇ.

બાળુડાંના પ્યારમાં, અમ્રુત-ઝરા સમી,
છાતીના દૂધ થકી, જનની ભરાતી ગઇ.

તાપ, ખીણ, સંકટ ને હો નિરાશા બધી!
માત સૌના વ્હાલમાં, જિંદગી જિવાતી ગઇ.

- સુરેશ જાની

માં,હવે શું તને એકલું લાગે છે? - દિગીશા શેઠ પારેખ,

માં,હવે શું તને એકલું લાગે છે?
માં,હવે તને મારા વગર સુનું લાગે છે?

વર્ષો સુધી ટીપે-ટીપે લાગણીઓ તું મને પિવડાવતી,
રોજ સવારે જોઈ મને તું ચહેરો કેવો મલકાવતી,

સ્કુલે જતા વહાલ ભરેલી ચુમ્મિઓ મને આપતી,
ઘરે પાછો ના આવું ત્યાં સુધી ઝાંપે પહેરો રાખતી,

ગુલાબજાબુંની ચાસણી જેવી મમતા તું વરસાવતી,
દોડા-દોડી કરાવું તો ગુસ્સાથી આંખો કેવી તું કાઢતી,

રોજ જ મારું મનગમતું ને ભાવતું ભોજન બનાવતી,
રોટલી ઉપર ઘી રેડી રેડી ને બહું તું મને ખવડાવતી,

ઉડવાનું તું બળ આપતી ને ઉડતા પણ શીખવાડતી,
ઢળી ગયેલા સૂરજ પછીની પરોઢ બનવા જણાવતી,

આજે...જ્યારે હું ઉડી ગયો છું,
પરોઢ બનવા નીકળી ગયો છું,

ત્યારે...માં,શું તને એકલું લાગે છે?
માં,હવે તને મારા વગર સુનું લાગે છે?

- દિગીશા શેઠ પારેખ,

મને મારી બા ગમે છે – વિપિન પરીખ

મને મારી ભાષા ગમે છે
કારણ બાને હું બા કહી શકું છું.

મમ્મી બોલતાં તો હું શીખ્યો છેક પાંચમા ધોરણમાં.
તે દિવસે ખૂબ રોફથી વાઘ માર્યો હોય એમ
મેં મમ્મી કહીને બૂમ પાડેલી.
બા ત્યારે સહેજ હસેલી -
કારણ બા એક સાદો પોસ્ટકાર્ડ પણ માંડ માંડ લખી શકતી.

બા બેંકમાં સર્વિસ કરવા ક્યારેય ગઈ નહોતી અને
રાત્રે લાયંસ પાર્ટીમાં ગઈ હોય એવું યાદ પણ નથી.
બા નવી નવી ડિશ શીખવા ‘ cooking class’ માં ગઈ નહોતી
છતાં ઈંગ્લિશ નામ ખડ્કયા વગર એ થાળીમાં જે મૂકતી
તે બધું જ અમૃત બની જતું.

મને મારી ભાષા ગમે છે,
કારણ મને મારી બા ગમે છે.

– વિપિન પરીખ

મા - વિશ્વદીપ બારડ

નવ, નવ મહિના રહ્યો બાળ મા તારી ગોદમાં
કેટલી સુંદર,સુરક્ષિત,,સુંવાળી હતી એ ગોદ મા!

પીડાથી પિડાઈ હશે,આંખ માંથી આંસુ સરક્યા હશે મા!
કેટલો આરામથી! બેફીકર પોઢ્યો હતો એ ગોદમાં!

રડ્યો,ચાંપી છાંતીએ,મીઠા સ્તનો મોંમાં ધર્યા મા !
આંખ ખોલી જરા ડર્યો,રમવા લાગ્યો તને જોઈ મા!

કોને ખબર? કેટલાં દુઃખના દરિયા પીધા હશે તે મા !
ઉજાગર કરી કરી આંખ નબળી તારી બની હશે મા!

ઝંઝાવટો જાપટી,સુંવાળી પથારી પાથરી હશે મા!
મૌન ભાવે ભગીરથ કાર્ય કરી તું ગઈ મા !

આશિષ આપતી રહે “મા “કહી હાથ જોડી નમું મા!
જગત હાથ જોડે,ઈશ્વર હાથ જોડી તને નમે મા!

- વિશ્વદીપ બારડ

મા - જયન્ત પાઠક

એ તો એને ચાલતું નથી એટલે,
બાકી તો -
મા જાણે છે કે દેહથી અલગ કર્યા પછી
એ મોટો થવાનો છે અને દૂર જવાનો છે.
ખોળામાં પડ્યો પડ્યો એ પયપાન કરશે
કેડે ચડશે, આંગળી ઝાલીને ફરશે
માના હાથનો કોળિયો મોંમાં લેશે
-ને આંગળીને વ્હાલમાં બચકુંય ભરી લેશે !

પણ આ બધું તો
ધીમે ધીમે દૂર થવા માટે જ જાણે...
પછી તો એ ખોળામાંથી ઊતરી પડશે
કેડેથી કૂદી પડશે.
હોંસે હોંસે ખાતા શીખી જશે;

ખોળામાંથી ઉંબર ભારો આંગણામાં ને શેરીમાં
કેડેથી ઉતરી કેડીમાં, ને એમ દૂર દેશાવરમાં...
કાગળ લખશે રોજ પ્રથમ તો
પછી માસે બે માસે
ક્ષમાયાચના કરશે, કાન પકડશે, સોગન ખાશે
કહેશે : ભૂલ્યો નથી માં તને, પરંતુ ખૂબ કામમાં વ્યસ્ત
તારે ખોળે ફરી આવવું છે મા – લખશે
(જાણે છે કે અશક્ય છે એ, એ ના સાચું પડશે.)

છેવટ બીજા ગ્રહ પર જાણે હોય એટલો દૂર
-ને અંતર તો પાછું ના સ્થળનું કે નહીં સમયનું
પણ બે અંતર વચ્ચેનું-
મા જાણે છે કે આમ જ થવાનું છે.
એ તો એનું ચાલતું નથી એટલે
બાકી તો
એને દેહથી અળગો જ ન થવા દે...     - જયન્ત પાઠક

મા વિશે કાગવાણી

ગિયા માંસ ગળ્યે, તો હાડ હેવાયાં કરે;
માતા જાય મર્યે, કેમ વીસરીએ, કાગડા ?

પંડમાં પીડ ઘણી, સાંતીને હસતી સદા;
માયા માત તણી, કેમ વીસરીએ કાગડા ?

જમ જડાફા ખાય, મોતે નાળ્યું માંડીયું;
છોરૂની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ?

ધમણે શ્વાસ ધમાય, ઘટડામાં ઘોડાં ફરે;
છોરુની ચિંતા થાય, કેમ વીસરીએ કાગડા ?

કીધા ન જીભે કેણ, નાડ્યું ઝોંટાણાં લગી;
ન કર્યા દુ:ખડા નેણ, કેમ વીસરીએ કાગડા ?

આખર એક જતાં, કોડ્યું ન આખર કામના,
મોઢે બોલું 'માં', કોઠાને ટાઢક કાગડા !

મોઢે બોલું 'માં', સાચેય નાનક સાંભરે;
મોટપની મજા, મને કડવી લાગે કાગડા !

અડી ન જગની આગ, તારે ખોળે ખેલતાં;
તેનો કીધેલ ત્યાગ, કાળજ સળગે કાગડા !

ભગવત તો ભજતાં, માહેશ્વર આવી મળે;
મળે ન એક જ માં, કોઇ ઉપાયે કાગડા !

મળી ન હરને માં, મહેશ્વર જો પશુ થયાં;
પણ જાયો ઇ જશોદા, કાન કેવાણો, કાગડા !

જનની કેરું જોર, રાઘવને રે'તું સદા;
માને ન કરી મોર, કરિયો પિતાને, કાગડા !

મોટાં કરીને માં, ખોળેથી ખસતાં કર્યાં;
ખોળે ખેલવવાં, કરને બાળક, કાગડા !

સ્વારથ જગ સારો પધારો ભણશે પ્રથી;
તારો તુંકારો, ક્યાંય ન મળે કાગડા !

જનની સામે જોઇ, કપૂત તુંકારા કરે;
જ્યાં જ્યાં જનમે હોય, કડવું જીવન કાગડા !

જે કર માડી ઝીલીઆ, જે કર પોષ્યા જોય,
તેડી લેજે તોય, એ કરથી છેવટ કાગડા !

મા, હજી યાદ છે મને – ડીમ્પલ આશાપુરી

મારી પાંપણોની ભીનાશ થઇ
ને મારા ગાલોને મીઠું ચુંબન દઇ
મારા ઓષ્ઠ પર હજારો સ્મિતનું ઝોલું થઇ વરસતી 'તું'
હજી યાદ છે મને

કેદ છે હજીયે મારી આંખોમાં તારા વ્હાલનો એ દરિયો
જેમાં પીગળતી બધીજ ખારાશ મારી
ને તારા ખોળામાં ખૂંદેલું મલક આખાનું એ સુખ,
હજી યાદ છે મને

ક્યાંક પા પા પગલી ભરાવતી તું
ને અમસ્તું 'પગલી' એ ચૂકી જતાં
અંતરમાં ઉંડાણથી આવતો એ સાદ, 'વાગ્યું તો નથી ને બેટા?'
હજી યાદ છે મને.

હસાવતી, રમાડતી ને છાતી સરસી ચાંપતી
હતી ન હતી એવી તું હકીકત થઇ છતાં
મારા શમણાઓને પરી બની ઘેરી વળતી 'તું'
હજી યાદ છે મને.

ને આજ
અચાનક
એક શિશુના ગાલ પર કાળું ટપકું જોયું
ને એણે મારા શૈશવને પ્રશ્નરૂપે સ્પર્શ કર્યો, 'હજી યાદ છે તને?'
હા

અવનિ પર અવતરેલી મારી પ્રથમ ગઝલ 'માં'
હજી યાદ છે મને

– ડીમ્પલ આશાપુરી

માતા - બરકતઅલી ગુલામહુસેન વીરાણી 'બેફામ'

માં ! મેં તારી એક પણ કવિતા નથી લખી.
કહે છે કે કવિ જન્મે છે -
તો તેં જ તો મને જન્મ આપ્યો છે.
પણ ત્યારે તને જાણ નહીં હોય કે હું કવિ થઇશ.
તારે તો મને માનવી બનાવવો હતો -
એક સુખી માનવી, હસતો માનવી,
અને એ માટે તેં કેટલા બધાં દુ:ખો સહ્યાં ?
કેટલા અશ્રુઓ સાર્યાં ?

ત્યારે તેં કશા બદલાની આશા નહોતી રાખી.
અને હું તને બદલો પણ શો આપું?
બદલો આપવા જેવું મારી પાસે છે પણ શું ?
કદાચ ઇશ્વર પાસે પણ કશું નથી.
હા, ઇશ્વર પાસે
તને આપવા માટે એક વસ્તુ છે,
તારા આત્માની શાંતિ,
ઇશ્વરે તને સ્ત્રી ઘડી હતી.
અને ઇશ્વરને જે પ્રાણ અત્યંત પ્યારો હોય છે,
એને જ એ સ્ત્રીનું રૂપ આપે છે.
તું ઇશ્વરને અત્યંત પ્યારી હતી,
એટલે એણે તને સ્ત્રીનો જન્મ આપ્યો,
તું ઇશ્વરને અત્યંત પ્યારી હતી,
એટલે જ એણે તને મૃત્યુ પણ આપ્યું.

તું અલ્લાહને પ્યારી થઇ ગઇ,
અલ્લાહે તને પોતાની પાસે બોલાવી લીધી.
પણ સ્ત્રી મરે છે, માતા મરતી નથી.
તું જીવે છે, જીવતી હતી એમ જ.
અને તું જીવતી હોવા છતાં તને મરેલી માનું ?
અરે, જેણે મારા હાલરડાં ગાયાં,
એના હું મરશિયા ગાઉં ?
છતાં યે ગાઉં-
પણ જે જન્મ આપે છે, એ મરી જ કેમ શકે?

હું કવિ થયો છું એટલે જાણું છું;
કવિ કવિતાની નીચે પોતાનું નામ લખે છે;
ચિત્રકાર કલાકૃતિની નીચે પોતાનું નામ લખે છે;
પણ ઇશ્વર ?
ઇશ્વર જેવો કોઇ મહાન કલાકાર નથી -
એ માનવીને સર્જે છે,
પણ માનવીની નીચે પોતાનું નામ નથી લખતો;
અને લખે છે ત્યારે માતાનું નામ લખે છે,
પણ માતાય ઇશ્વરની મહાનતાનું પ્રતીક છે,
એ બાળકને એના પિતાનું નામ આપી દે છે.
માં ઉદરમાં નવ મહીના
એના બાળકનો ભાર વેઠે છે....
માત્ર એ નવ મહીનાનો બદલો આપવા ધારું તોય
મારા નેવું વરસ પણ કોઇ વિસાતમાં નથી.

છતાં મને શ્રધ્ધા છે -
તારા એક સો દસ વરસની વયે પણ
તેં તારા અંતરમાં
મારા નેવું વરસનોય ભાર વેઠ્યો હોત.
પણ હું નેવું વરસનો નથી.
તું એક સો દસ વરસની નથી;
તારા અને મારા સંબંધ વચ્ચે
સમયનું અસ્તિત્વ જ નથી -
અસ્તિત્વ છે માત્ર તારું
અને તારે લીધે મારું.
અને એ પણ માતા અને બાળક જેવું જ

માતા કદી મરતી નથી
અને બાળક કદી મોટો થતો નથી.
માં ! હજી હું કવિતા લખી શકું એટલો મોટો નથી થયો,
હજી હું પારણામાં પોઢેલો પુત્ર છું.
અને હું પારણામાં પોઢીને તારે માટે કવિતા લખું,
એને બદલે પારણાની દોરી ખેંચીને
તું જ મારે માટે હાલરડું ગા -
ઇશ્વર તારા આત્માને શાંતિ આપશે,
અને તારું હાલરડું મારા આત્માને શાંતિ આપશે.

- બરકતઅલી ગુલામહુસેન વીરાણી 'બેફામ'

મારા હૃદયના આકાશમા - કુલવંત હેપ્પી

સ્કુલેથી આવતાં જ્યારે થઈ જતી વાર,
સૌથી વધારે પાડતી હતી બુમો મારી મા,

મારી ભુલ પર જ્યારે પણ પિતાજી મને વઢતાં
ત્યારે મા કરતી હતી મારો બચાવ,

રમતાં રમતાં જ્યારે વાગી જતી ઠોકર
તે ઠોકર જોઈને મારી મા ગભરાતી હતી,

મને યાદ છે એક વખત માર્યો હતો મને
મારા કરતાં પણ વધારે દુ:ખ મા તને થયું હતું,

મા તે હંમેશા મારા માટે પ્રાર્થનાઓ કરી
મારી બધી જ મુશ્કેલીઓને પોતાને માથે લીધી,

આજે શોહરત પણ છે, દોલત પણ છે,
ઘણી બધી મારી પાસે મોહલત પણ છે,

પરંતુ દુ:ખ છે તે વાતનું મા
તેને જોવા માટે આ દુનિયામાં તુ નથી,

જો હોત તે મારા હાથમાં તો
રાખી લેતો કરીને ગડબડ ભગવાનના વિધાનમાં,

જેટલા પણ શબ્દો લખો તેટલા છે ઓછા
મા તારી શાનમાં,

હે મા આજે પણ તુ રહે છે
મારા હૃદયના આકાશમાં...

- કુલવંત હેપ્પી

પ્રેમાળ માતા - વિજય શાહ

હતી મારી માતા અતિશય પ્રેમાળ દિલની
હતી વળી શ્રદ્ધાળુ, રટતી સદા નારાયણ હરિ.

મને ઉછેર્યો મમતાથી, સહી લીધી મારી પજવણી
ન પાડયો કદી ઘાંટો, ન મારી ટપલી પણ કદી.

હું ઉઠું નિદ્રામાંથી, લઇ ઉછંગે હેત કરતી,
મને મૂકે નિદ્રામાંહી ગાઇ,
“બહ્મ શ્રીનાથને ભજીએ શ્રી હરિ હરિ”

પોતાના તનની પીડા કઠણ મનથી તે જીરવતી
અને મનના સંતાપો અતિ શ્રદ્ધાથી તે વિસરતી.

પ્રભુ હું ઇચ્છું કે મળે મને માતા એજ ફરી ફરી
પણ વિસારી એ ઇચ્છાને દેજે એને મોક્ષ તું શ્રી હરિ.

- વિજય શાહ

યાદ તારી માં – દેવાંગ જોષી

અશ્રુ ભીની આંખ મારી, તરસ્યા કરે બસ તુજને જ માં,
શા માટે છે તું રીસાણી, વિચાર્યા કરૂં બસ એ જ મનમાં.

નથી રહી શક્તો તુજ વીણ, ક્ષણ ભર પણ એક દિવસમાં,
ન કરીશ અબોલા મુજસંગ, ખોવાયેલ હું બાળ તુજ મમત્વમાં.

નથી જોઇતી દુનિયા કેરી, સુખ સાહેબી આ જગતમાં,
મારૂં મન ઝંખે છે તુજને, ચાતક સમ બની, કણકણમાં.

લાવણ્ય કેરી તુજ છોળ કાજે, ભટકું ભ્રમર બની હું મલકમાં,
મળશે કદાચ મુજ શકને તું, આશ એક તે તનમનમાં.

સઘળું મેળવું શ્રમથી પણ, સાથ તારો ક્યાં મુજ નસીબમાં,
સાદ પાડું તુજ નામનો હું આજ, ગમગીન બની નીલ ગગનમાં,

દુનિયા કેરી અનંત યાતનાઓ, વેઠી ઉછેર્યો મુજને તે બાળપણમાં,
અફસોસ એ ઋણ ચૂકવવાનો, મોકો ન મળ્યો મુજને જીવનમાં.

વાદળ બની વરસી ગઇ તું પણ, ભીંજાઇ શક્યો ન અંગેઅંગમાં,
આંગળી પકડી ચાલતા શીખ્યો, ન બન્યો તુજ સહારો ઘડપણમાં.

યાદો છે સાથે ફક્ત આજ તારી, બાકી બધું વીત્યું અણસમજણમાં,
અમાસ કેરા ચાંદમાં નીરખું તુજને, મંત્રમુગ્ધ થઇ નીલ ગગનમાં.

કંઇપણ નથી વિશેષ ‘દેવ’, માં કરતા આ જટીલ જગતમાં,
ઇશ્વર પણ અવતર્યા તે તત્વ પામવા, રામકૃષ્ણ બની રઘુકૂળ યાદવમાં.

– દેવાંગ જોષી

બા - મનોરમા ઠાર

તે અમને જન્મ આપી
પૃથ્વીને સન્માનિત નથી કરી બા ?

આ ઉપવનો, વૃક્ષો, પુષ્પો, પંખીઓ તો
તારી ભાવનાનો વિસ્તાર છે !

લય અને સૂરની અંગુલી ગ્રહી સર્વદા લે જતી સ્વપ્ન લોકે
કેટલાં મધુર અને રમ્ય પરીકથાના દેશો

તારી આંતરસૂઝ ને જતનથી
અમારું જીવનવૃશ બન્યું લીલુંછમ

તારી વિધાપીઠમાં ઊછરેલ અમો નોખાં કૈંક..
તારી આંખોમાં ક્ષમાં ને કરુણાના અંજન આંજ્યાં'તા

તારા હાથમાં અભયદાન ને કર્મશીલતાના કવચ જડ્યા'તા
બા એક એવી ત્રશ્તુ જેને કયારેય ન આવે પાનખર

હવાતણી લેરખીમાં આવે તારા વહાલસોયા સ્પર્શની માધુરી
યૌવન ગયું મિત્રો ખરી પડ્યા પણ ઓહ! તારો પ્રેમ..

તારા નિર્મળ સ્નેહનું અમીઝરણું નિત ખળખળ વ્હેતું રહ્યું.
માનશાસ્ત્રનું અમૂલ્ય ઔષધ ને કાવ્યનો અખૂટ ભંડાર

તું જ અમારા ભાઇભાંડુઓનું
એકાક્ષરી મહાકાવ્ય 'બા' અમારી 'બા'......

- મનોરમા ઠાર

મા - કિશોર બારોટ

જગતનાં સર્વ સુખોથી ભલે જીવન સભર લાગે
ખજાનો સાવ ખાલી મા મને તારા વગર લાગે.

નથી એ હાથ હૂંફાળો નથી એ મેશનું ટીલું
મને એથી જ હર ડગલે હવે દુનિયાનો ડર લાગે

છે મારા નામ પર આજે રૂપાળાં કૈંક છોગાઓ
ન ‘બેટા’ કોઇ કહેનારું મને વસમી કસર લાગે.

જીવનના સર્વ સંઘર્ષોમાં સાંગોપાંગ નીકળતો
મને તારી દુવાઓની જ એ નક્કી અસર લાગે.

હજી મારી પીડા સાથે નિભાવ્યો તેં અજબ નાતો
હજી બોલી ઊઠું છું ‘ ઓય...મા’ ઠોકર અગર લાગે.

સદા અણનમ રહેલું આ ઝૂકે છે તારાં ચરણોમાં
મને ત્યારે હિમાલયથી યે ઉન્નત મારું સર લાગે.

- કિશોર બારોટ

માઁ તને સલામ - કલ્યાણી દેશમુખ

કેટલી કોમળ કેટલી સુખદ અનુભૂતિ છે માઁ
દિલની કેટલી પાસે છે માઁ

નખશિખ સુધી મમતાની એક પ્રતિમા છે માઁ
હાલરડુ ગાઈને સૂવડાવે છે માઁ

વાગે મને તો રડે છે માઁ
એક અવાજમાં દોડીને આવે છે માઁ

બધા કામ કરવા તૈયાર રહે છે માઁ
થાકી ગઈ એવુ કદી બતાવતી નથી માઁ

સવારે જલ્દી ઉઠીને બધાને જગાડે છે માઁ
કોઈને કોઈ વાતનુ મોડું ન થાય તેનુ ધ્યાન રાખે છે માઁ

તબિયત સારી ન હોય તો થોડુ ઉંઘી લે છે માઁ
સવારે પાછી કામમાં લાગી જાય છે માઁ

માઁ ની મહિમા કેટલી ન્યારી છે
માઁ તો દુનિયામાં સૌથી વ્હાલી છે

બાળકો માટે જીવે છે, બાળકો માટે સહન કરે છે
બાળક જેવુ પણ હોય, છતાં માઁ તો ફક્ત પ્રેમ જ કરે છે

કશી પણ આશા રાખ્યા વગર બસ આપતી રહે છે માઁ
એક બાળકને ઉછેરવા કેટલા કષ્ટો સહન કરે છે માઁ

અમે તો અમારુ નસીબ સમજીએ છીએ માઁ
જનમ્યા તુ જ કૂખેથી, તને સલામ કરીએ છે માઁ.

- કલ્યાણી દેશમુખ

મા - સંદીપ ભાટિયા

મારી નીંદરમાં વ્યાપ્યા અંધારાં
મા મારી પાંપણની બારસાખે ટાંગી દે
વારતામાં ટમટમતા તારા

આયખાના બંધબંધ ઓરડામાં
મા મને એકલું જાવાને લાગે બીક
આંગળી ઝાલીને તારાં ઝાલરડાં ચાલતાં’તાં
ત્યાં લગી લાગતું’તું ઠીક

મેળાની ભીડ મહીં ખોવાયા મા
હવે મારાં સૌ સપનાં નોંધારાં

લખભૂંસ છેકછાક એટલી કરી
કે નથી ઊકલતો એક મને અક્ષર
પાસે બેસાડી તું એકડો ઘૂંટાવે
એ આપ ફરી સોનાનો અવસર

ઝાઝેરું જાણવાની કેડીઓમાં
મા હવે અટવાઈ ઊભા વણઝારા

- સંદીપ ભાટિયા

મમતાના મોલ - રમેશ પટેલ 'આકાશદીપ'

અષાઢી મેઘ ગજાવે અંબર,માડીની મમતાના મેઘ અનરાધાર
જનનીના ચરણોમાં જગના કલ્યાણ,તારી આશિષે રમતો સંસાર

નાજુક હૈયું જાણે પુષ્પની પાંખડી, એના અંતરે સ્નેહની સુગંધ
સાંભળી કંઠે હાલરડાંના બોલ, ઊભરે ઉરે ઉમંગ નિર્બંધ

સાગર સરીખાં માનાં હેતડાં, જિંદગીએ ઝૂમે પૂરી નવરંગ
સંતાનો કાજે ઝીલ્યાં દુઃખડાં, માવતરે મહેંકાવ્યાં જીવનના રંગ

ઉપવનમાં ખીલે જેમ રંગી વસંત,મુખે રેલાવે ભાવનાના રસરંગ
જાણે રમે ચાંદની છોડી ગગન, એવા માના છે શીતળ રૂપરંગ

માની હથેલીની અમૃત થાપલી,પૂરે સંસારે સંસ્કારના ઓજસ
માડીના લાખેણા લાડે રમે, નિઃસ્વાર્થ પ્રેમના અનંતો ઊજાશ

કરુણાના સાગરથી છલકતું મુખ, અખિલ બ્રહ્માંડના મળિયાં છે સુખ
માના અધરે રમતી મમતાએ, ભૂલ્યા અમે દુનિયાના દુઃખ

સ્વાર્થી દુનિયામાં મા છે વિરડી, તારી મમતાના મોલ અણમોલ
મા જશોદાને ખોળે ભૂલ્યો'તો શામળો, વૈકુંઠના વૈભવના તોલ

- રમેશ પટેલ 'આકાશદીપ'

જનની - રમેશ પટેલ 'આકાશદીપ'

જગની સઘળી શાતાની તું દાતા

જન્મદાતા વિધાતા તું માતા

પાવન તીર્થો સમાયાં તારા ચરણે

માણે શીશુ સ્વર્ગ તવ શરણે

ઈશ્વરની પ્રતિકૃતિ છે માની સૂરત

સર્વ સ્નેહથી વડી તારી મૂરત

સંતાન કાજે ત્રિવિધ તાપે તપતી

સમર્પણ તપસ્યાની તું મંગલ મૂર્તિ

ઝીલે આશીષ બાળ તારા સુભાગી

લાગે પાય ભાળી તારામાં અવિનાશી

- રમેશ પટેલ 'આકાશદીપ'

મારી વ્હાલી બા - ડો.ચંદ્રવદન મિસ્ત્રી

મારી વ્હાલી બા,
વંદન કરૂં છું તને, ઓ મારી વ્હાલી બા !
બીજરૂપે નવમાસ પેટમાં પોષણ કરી,
માનવ દેહ આપ્યો છે મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?....મારી....(૧)
વેદનાઓ અતી સહન કરી,
એક માનવદેહરૂપે જન્મ આપ્યો મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?...મારી....(૨)
નાજુક હતો, 'ને ચાલી ના શક્યો જ્યારે,
પ્રેમ્થી ગોદમાં લઈ,વ્હાલ ખુબ આપ્યો મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?.....મારી....(૩)
મુખે નથી દાંતો કે નથી પ્રાચન શક્તિ એવી મારી,
તુજ દેહમાંથી વહેતી દુધની ધારાની કૃપા હતી મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?.....મારી...(૪)
બચપણની કોમળતાના દિવસોમાં,
રમાડ્યો 'ને વ્હાલ સાથે છાયા મળી મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?.....મારી...(૫)
ગઈ યુવાની 'ને મોટો થયો જ્યારે,
નિહાળ્યો હમેંશા પ્યારથી એક બાળરૂપે મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?... મારી....(૬)
આજે, જ્યારે, તું છે પરલોકમાં,
તારી જ મધૂર યાદમાં, મળે આશરો મુજને !
ઉપકાર એનો દર્શાવું કેમ તુજને ?.....મારી...(૭)

- ડો.ચંદ્રવદન મિસ્ત્રી

બા

ભીંજાઈને બહારથી ઘરે હું આવ્યો
છીંકાછીંક શરદી તાવ સાથ લાવ્યો
છાતી ગળે પત્નીએ બામ લગાવ્યો
આંખોમાં આંસુ ત્યાં તો ધસી આવ્યાં
બા,તમે આજ બહુ જ યાદ આવ્યા.
બહુ યાદ આવ્યા,બહુ યાદ આવ્યા.

મંદિરમાં જઈ આજ દર્શન કર્યાં મેં
ઘંટ વગાડ્યો,પૂજા-અર્ચના કરી મેં
પ્રસાદ લીધો,લઈને ઘરે હું આવ્યો
આંખોમાં આંસુ ત્યાં ભરાઈ આવ્યાં
બા,તમે આજ બહુ જ યાદ આવ્યા.
બહુ યાદ આવ્યા,બહુ યાદ આવ્યા.

બા,તારા પૌત્રના આજે લગ્ન કીધાં
તુજ વહૂને પોંખીને ઓવારણા લીધાં
પૂત્રવધુના ઘરે આજ પગલાં પડ્યાં
હૃદયનાં બંધ બેફામ સૌ તૂટી પડ્યાં
બા,તમે આજ બહુ જ યાદ આવ્યા.
બહુ યાદ આવ્યા,બહુ યાદ આવ્યા.

ઝરણાં,નદીઓ એમ જ વહેતાં રહેશે
સાગર ઊછળશે,વાદળો પણ છવાશે
એજ વાયુને એજ રોજિંદુ વાતાવરણ
પણ બા,તમે ક્યાં છો,તમે ક્યાં છો?
બા,તમે આજ બહુ જ યાદ આવ્યા.
બહુ યાદ આવ્યા,બહુ યાદ આવ્યા.

મા તુજ જીવનના અજવાળે - ડો. દિનેશ શાહ

મા તુજ જીવનના અજવાળે
મુજ જીવનને અજવાળું
નવમાસની કેદ મહીં તેં પ્રેમે પોષણ કીધું
અસહ્ય વેદના જાતે વેઠી મુક્તિ દાન તેં દીધું
રાત દીન કે ટાઢ તાપ તેં ચોમાસું ના જોયું
જીવથી ઝાઝું જતન કરી મુજ જીવન તેં ધોયું
મા તુજ જીવનના અજવાળે
મુજ જીવનને અજવાળું
લાડકોડ ને તપાસા સાથે બાલમંદિર ચાલ્યા
રડતો મુકી અશ્રુ છુપાવી આશા લઇને આવ્યા
છે આ સૌ એક લાડકડાના ભાવિ તણા ભણકારા
આજનું બીજ તે કાલનું વૃક્ષ છે મારે કરવા ક્યારા
મા તુજ જીવનના અજવાળે
મુજ જીવનને અજવાળું
ધ્રુવ પ્રહ્લાદ શ્રવણની વાતો કેવી વાડ બનાવી
રામ લક્ષ્મણ હરીશ્ચંદ્રની વાતો કદી ના ભુલાવી
હીરા માણેકથી મોંઘું એવું ઘડતર ખાતર નાખી
મુજ જીવનના ક્યારાની તેં વાડી મોટી બનાવી
મા તુજ જીવનના અજવાળે
મુજ જીવનને અજવાળું
મધર્સ ડે ના શુભ પ્રભાતે પેમથી પાયે લાગું
અર્પું સર્વે તુજને ચરણે એવું સદાયે ચાહું
એક સંદેશો તુજ જીવનનો મનમાં કાયમ રાખુ
પ્રેમ ભક્તિને નિસ્વાર્થ સેવા દિલદરિયા સમ સાચું
મા તુજ જીવનના અજવાળે
મુજ જીવનને અજવાળું

- ડો. દિનેશ શાહ

મા – બંસીધર પટેલ

મા વિશ્વતણી જનેતા તુ, દેતી વર સહુ બાળગોપાળને;
કરૂં હું વન્દન વારંવાર મા, દીપો ભવસંગ સહુ જગતનાં.
હાર્યા-થાક્યા બાળ જ તારા, આવે તુજ દ્વારે મા કરો નહિ નિરાશ.
આસ્થા તુજ નામ તણી સાચી, ગુરુના સાચા પ્રેમી કૃપાપાત્ર.

રણમાં, વનમાં, કે જગતમાં, નથી તુજ વિણ કોઇ અવર;
પડતા, આખડતાને દેજે સહારો, મા કંટકતણાં પથ પર.
ભલે રૂઠે જગ વિશેષ, ના વિસારીશ તુ આ જીવનભર;
દીઠું મુખડું તારૂ મા અંબે, ના લાગે મુજ મન અન્ય ડગર પર.

મા તે મા બીજા વનના વા, એ સુણ્યું સાચું કરજે હે માત;
માયા સંસારની વીંટળાઇ વળી, તુજ વિણ કોણ ઉધ્ધારક માત.
આધિ, વ્યાધિ, ઉપાધિ, સહુ અર્પણ, મુજને નિવારજે ઓ માત;
કરી કસોટી ઘણાં જગ જનની, નથી તુજ વિણ કોઇ સ્વજન હે માત.

ભાંગ્યાની ભેરૂ, સાચો સહારો, નિર્મળ ચહેરો તારો;
વિસ્મૃતિ ના થાય કદીયે, મંગળ મૂરત, વદન સોહાયે.
છોરૂ કછોરૂ ભલે થઇ જાય, માવતર કમાવતર ના થાય કદીયે;
તારી ચરણરજ માથે ચઢાવી, તુજ ગુણ ગાઉ, નમન કરીને.

– બંસીધર પટેલ

મા - પ્રવિણા કડકિયા

આવો માને કરીએ પ્રણામ
મા તું ત્યાગનું પ્રમાણ

અંતરે તારે પ્રેમ નું ગાન
હરદમ દે આશિષનાં દાન
આવો માને કરીએ પ્રણામ

મા તેં ઘસી તારી આ કાયા
ન રાખ્યા સ્વાર્થ ને કદી માયા
બાળકોના સુખે વધે તારી શાન
આવો માને કરીએ પ્રણામ

મા તને શ્રીજીનો સહારો
શ્રીવલ્લભ ઝાલે હાથ તારો
મુખ કમળે અષ્ટાક્ષરનું ગાન
આવો માને કરીએ પ્રણામ

શ્રીજી સુણતું વિનતી 'પમી'ની
માવડીની છે સેવામાં લગની
સુમિરન કરતાં છૂટે તેનાં પ્રાણ
આવો માને કરીએ પ્રણામ

- પ્રવિણા કડકિયા

મા - પ્રવિણા કડકિયા

નજર્યું ઠરે જ્યાં મારી
ઝાંખી માવલડી તારી
આ જિંદગી છે સારી
કૃપા માવલડી તારી

ખોળો મેં તારો ખુંદ્યો
જિવને પ્યાર માણ્યો
તારી યાદ છે સુહાની
માવલડી તું મઝાની

સ્વાર્થ તુને ના લગીરે
પરમાર્થની તું છબી રે
બસ હાથ તારો થામ્યો
જિવનને રાહ લાધ્યો

શ્રદ્ધા છે તુજમાં દિલથી
ડોલે કદી ના મુશ્કિલોથી
દિનરાત તારું સુમિરન
માવલડી તું ભગવન

- પ્રવિણા કડકિયા

મમતાની ગોદ - ડો.ચંદ્રવદન મિસ્ત્રી

ઓ મા, ઓ મારી મા,
ગોદમાં તારી મુજને દે રમવા
બસ એટલું માંગું મારી મા,
ઓ મા, ઓ મારી મા....ઓ મા ....(ટેક)

તારા પ્રેમ ઝરણાનું નીર મેં તો ચાખ્યું,
તારા હેત-ભર્યા હાથોએ મુજ મસ્તક પંપાળ્યું,
હવે, તારી હેત-સરિતામાં મને તરવા દે,
ઓ મા, ઓ મારી મા,.... ઓ મા...(૧)

તારા ચરણસ્પર્શ કરી હું તો પાયે લાગું,
તારા પગ તળે રહ્યું મારૂ સુખ ને સ્વર્ગ !
હવે, તારા શરણે જીવન મારૂ વહેવા દે,
ઓ મા, ઓ મારી મા,.....ઓ મા.... (૨)

તારા હાસ્યમાં મારૂ હાસ્ય,
તારા નયને પ્રભુને નિહાળું,
હવે તો, ચંદ્રને ગોદમાં લેજે,
ઓ મા, ઓ મારી મા......ઓ મા.... (૩)

- ડો.ચંદ્રવદન મિસ્ત્રી

મા - બંસીધર પટેલ

શક્તી છે કણકણમાં, એનો વાસ અખીલ બ્રહ્માંડમાં;
સાકાર, નીરાકાર, સચરાચર વ્યાપેલી એ ઘરઘરમાં.

અણુ રુપે, પરમાણુ રુપે, સકલ જગતમાં, તલવીતલમાં;
સ્વરુપ, અરુપ, કુરુપ, સર્વે સર્જન છે ખુબ ન્યારુ ન્યારુ.

લાગણીના તંતુએ બાન્ધે, માયા તણા એ ખેલ ખુબ ન્યારા;
કુદરતના તત્વોમાં પણ ભાસે, રોમરોમ સર્વ પુલકીત થાયે.

- બંસીધર પટેલ

મા'નું નામ ખરે રૂપાળું - શ્રી યોગેશ્વરજી

'મા'નું નામ ખરે રૂપાળું.
મીઠું ને મનમોહક એ તો
છે દુનિયાનું પ્યારું … 'મા'નું

મૃતને પણ છે જીવનદાયક,
વિષમાં અમૃત ન્યારું;
દુઃખદર્દનો છેક વિસામો,
અંધારે અજવાળું … 'મા'નું

રણમાં છે એ મધુર વીરડી,
ભોજન ક્ષુધાર્ત સારું;
સ્વર્ગ તેમ મુક્તિથી મંગલ,
જીવનદાન અમારું … 'મા'નું

કવિજન દેવ વળી પરમાત્મા
માને નિશદિન સારું;
કેમ કરીને કહી શકે કો
છે કેવું રઢિયાળું … 'મા'નું

બોલાયે મુખમાંથી ત્યારે
તૂટે અંતર-તાળું;
'મા'નુંયે મનડું મલકાયે
કેમ કહો ના વારુ ? … 'મા'નું

'મા'ની ફરજ છતાં છે ભારે,
સમજી લો તો સારું;
શરણાગતને પાળો રક્ષો
જીવન સુધરે મારું … 'મા'નું

- શ્રી યોગેશ્વરજી

બા - ભરત સુચક

બા તારા પ્રેમ ને તોલે આવે ના કોઇનો પ્રેમ,
બા તુ પ્રેમ નો દરિયો,હુ ઝરણૂ માત્ર પ્રેમનુ,
બા તારી વાત મા છે પ્રેમ,તારી આખમા પ્રેમ,
તે આપ્યો છે મને કાયમ પ્રેમ,પ્રેમ પ્રેમ...!
બા તે વેદના સહી તુ લાવી મને આ સસાર મા,

મારા બચપન મા બા
તુ ઉદાસ હોય તોય મને હસો હસો કહી હસાવ્યો,
તુ જાગી અને મને હાલા વાહલા કરી સુવડાવ્યો,
તુ ભુખી રહી અને મને કોળીયે કોળીયે જમાડ્યો,
તે ચાલતા ય મને ડગલે ને પગલે સીખવાડીયુ ,
તે મને સારા નરસાની રીતભાત મને સીખવાડી,
તુ મારી ઉદાસીમા ઉદાસ ને મારી ખુસીંમા ખુસતુ,

તારા બુઢાપા મા બા
તે આપી મને આ સસારમા ખુબ ખુસી અને આજ તારી એકલતા ની વાત આવી,
તે આખી જીદગી મને સાથ આપી ના તને કોઇ દિવસ મજબુરી ના વચ્ચે આવી,
બધા પાસે કામજ કામ,ના કોઇ સાથ બાને આપે,મને મારી ઓફિસ વચ્ચે આવી,
બા તારી સામે કે ના તારી વચ્ચે ના આવવા દહીસ કદીય હુ હવે ઓફિસ ઓફિસ,

તારા પ્રેમ નુ કરજ થાય અવડુયે મોટુ મોટુ કે,
મારા ચામડી ના જુતા બનાઉ તોઇ પડે ઑછુ,
બા તારા ચરણૉ મા સ્વર્ગ છે આ પુરા સસારનુ,
બા તારુ સ્થાન મારા માટૅ ભગવાન કરતાય મોટુ,

- ભરત સુચક

માતા - હસન ગોરા ડાભેલી, બાટલી

યાદ આવે જ્યારે માતા આંખ પણ થમતી નથી
શોધતાં પણ માની મમતા જગમહીં મળતી નથી

હું કદી બિમાર પડતો તે સમય તું એકલી
રાત આખી જાગીને તું આહ પણ ભરતી નથી

મા નથી જેની જગતમાં તેને જઈ પૂછો જરા
શોધે છે નિજ માને દિકરો મા હવે જડતી નથી

મગફેરત તું માની કરજે છે દુઆ આ લાલની
કરગરું છું દિલની અંદર જીભ કંઈ કહેતી નથી

માના ચરણોમાં છે જન્નત વાત સાચી છે 'હસન'
આમ કંઈ જન્નત મળે જે એટલી સસ્તી નથી

- હસન ગોરા ડાભેલી, બાટલી

મા તે મા - યશવંત ઠક્કર

મા તે મા ને બીજાં વગડાના વા
મા જેવી મા બીજી લેવા તો જા .

થકવી નાંખે એવો સંસાર છે આ
માના ખોળામાં પોરો થોડો ખા.

જ્યારે જ્યારે હૈયે વાગે છે ઘા
ત્યારે ત્યારે સાંભરતી કેવી મા!

છે સૌને મોટા થાવા બાબત હા
માતાને ભૂલી જાવા બાબત ના.

મોટો થઈને પણ હળવો હળવો થા
મા ગાતી'તી એ ગીતો તું પણ ગા.

- યશવંત ઠક્કર

મા,મમતા ને માયા - પ્રદીપ બ્રહ્મભટ્ટ

જન્મ સફળ થઇ જાય,જ્યાં માની કૃપા મળીજાય
મમતાનો અણસાર મળે,ત્યાં સ્નેહ ઉભરાઇ જાય
માણી લેતા મોહ જગે,ભઇ માયાછે વળગી જાય
નાછુટે આકાયા જગથી,જ્યાં સઘળુ લુંટાઇ જાય
.......જન્મ સફળ થઇ જાય.

સંતાન થતાં માબાપના,શોધવો ના સંતાન પ્રેમ
મળીજાય માનવતાએ,જ્યાં સંસ્કાર સિંચન થાય
કુદરતનીએ અજબલીલા,કે માયામમતા લહેરાય
પાવન જગમાં જીવદીસે,જ્યાં પ્રભુ પ્રીતથઇજાય
.......જન્મ સફળ થઇ જાય.

માની લાગણી મળી જશે, સંતાન બની રહેવાય
મમતાનીપ્રીતના શોધવીપડે,ને દેહ ઉજ્વળથાય
સકળસૃષ્ટિમાં ન્યારી એવી,માયા જો વળગીજાય
જીવ જગતમાં દેહપામી,ઘડી ઘડી જન્મે ભટકાય
.......જન્મ સફળ થઇ જાય.

- પ્રદીપ બ્રહ્મભટ્ટ

ચાલને મા આપણે ચાલીયે - રચના ઉપાધ્યાય

ચાલને મા આપણે ચાલીયે
ચાલને મા આપણે ચાલીયે.
હળવા હળવા પડતા ફોરામા;
અડધા પડધા ભીન્જતા,
તપતી ધરતીની ઉઠતી ફોરમમાં
ને, જમીનના આ તારાઓમાં
રંગબેરંગી સુવાસ ભાળતા, ચાલને મા આપણે ચાલીયે.

વર્ષારાનીની ઝીણી ઝાંઝરીમાં,
મેઘ-અશ્વોની હણહણાટી સાંભળતા,
વીજળીની ઝબુકતી રોશનીમાં; આ સૃષ્ટીના,
થોડા મિત્રોની પહેચાન તું સમજાવે,
થોડી ઓળખાણો હુ કરાવું;
વિકસતા સંબંધોના ઝુંડમાં ચાલને મા આપણે ચાલીયે.

આ કાળાશભર્યા રસ્તાઓમાં,
ને જંગલના છાંયડાની લીલાશમાં,
આ જીન્દગીને માણવા, જીરવવા,
ભુતકાળની વાર્તાઓ તું સુણાવે,
ભવિષ્યની શક્યતાઓ હું જણાવું,
વર્તમાનને જીવતાં જીવતાં ચાલને મા આપણે ચાલીયે.

- રચના ઉપાધ્યાય

માતૃત્વ - નીશીત જોશી

માતૃ દેવો ભવઃ
જન્મ આપ્યો જેમણે અને લાવ્યા આપણને આ દુનીયામા
કેમ ભુલાય તેમને આપણાથી આજના દીને આ દુનીયામા

વેઠ્યુ હશે કેટલુક દુઃખ આપવાને આપણને આ જન્મ
ભગવાન પાસે પણ ફેલાવ્યો હશે છેડો તેણે આ દુનીયામા

લોહી પીવડાવી કર્યા છે મોટા તેમણે આપણને
ઋણ નહી ઉતારી શકીયે તેનુ ક્યારેય આ દુનીયામા

કર્યા હશે ઘણા ખેલ તેની સાથે આપણે
ભુલી બધુ બધી જીદો કરી છે પુરી આપણી આ દુનીયામા

ન ભુલતા તેમને ક્યારેય ઓ નિશિત
આંગળી પકડી શિખવ્યુ છે ચાલતા તેમણે આ દુનીયામા

- નીશીત જોશી

માતા એ પ્રેમની યુનિવર્સિટી છે - ડૉ. કિશોરભાઈ એમ.પટેલ

માતા એ પ્રેમ નામની યુનિવર્સિટી ચલાવે છે,
તેમાં દરેક પ્રકારના સ્નાતક, અનુસ્નાતક કક્ષાના કોર્ષો ચાલે છે,
પણ બાળકે યોગ્ય કોર્ષ પસંદ કરવાનો છે.
આ કોર્ષોમાંથી કેટલાક કોર્ષો 5 વર્ષ માટેના તો કેટલાક
આજીવન ચાલતો અભ્યાસક્રમ છે.
સહકાર, ધગશ, ધૈર્ય, સહનશીલતા એ સર્વે ડિપ્લોમાં ટાઈપ ચાલતા કોર્ષ છે.

આ કોર્ષોમાં પ્રમાણિકતા, સંસ્કાર, સત્યના પાઠો, હકારાત્મક અભિગમ,
બીજાને મદદરૂપ થવાની ભાવના, દેશપ્રેમ, એકતા વિગેરે અનેક અભ્યાસક્રમ ચાલે છે.
મેડીકલ કે ઈજનેરી વિદ્યાશાખામાં ન ચાલતા હોય તેવા કોર્ષો આ
યુનિવર્સિટીમાં ચાલે છે. તેમાં આપણે કેટલા સફળ થઈએ છીએ,
તે જોવાનું કામ સમય આવ્યે આપણે સમાજને કરી બતાવવાનું છે.

કહેવાય છે કે " ઈશ્વર તો સુખ અને દુ:ખ બંને આપે છે,
જયારે માતા તો પોતાના બાળકને માત્ર સુખ અને સુખ જ આપે છે."
દુ:ખને એ પોતાના હૈયામાં સમંદરની માફક સમાવી લે છે.

મે એમ સાંભળ્યુ છે કે ડૉકટરી સારવાર વખતે " ICU " માં દરદી હોય ત્યારે
તેની સલામતીની વધુ કાળજી લેવાતી હોય છે, તેવી જે રીતે બાળક જ્યારે
માતાના ખોળામાં હોય ત્યારે સૌથી વધુ સલામત હોય છે.

અંતે મારે એટલું જ કહેવું છે કે શક્ય હોય એટલું પાલન કરવું,
થઈ શકે તેટલુ કરવું, હું કોઈ આદર્શવાદી વિચારસરણીવાળો વ્યક્તિ નથી.
મને લખતા લખતા જે વિચારો આવ્યા તે લખી નાંખ્યા...!

- ડૉ. કિશોરભાઈ એમ.પટેલ

શ્રી ઈંદુલાલ ગાંધીના ‘આંધળી માનો કાગળ’ ના જવાબ રૂપે શ્રી મોહનલાલ નાથાલાલની રચના:

હરખે હીંચતું હૈયું જેનું,  પાદર જેવડું પત,
ગોવિંદભાઈના ગાંડિયા આગળ ગગુ લખાવતો ખત,
માડી એની ગોમટા ગામે, મટુબાઈ માકોર નામે.

મેડિયું મોટી ને મોટરું દોડે, મુંબઈ મોટું ગામ,
રખડી રખડીને થાક્યો માડી, તંયે માંડ મળ્યું છે કામ,
લાગે સૌને શે'ર મજાનાં ઈથી તો ગામડાં સારાં.

હોટલમાં માડી નોકરી કરું, વેચું છુ રોજ ચાઈ,
પેટ પૂરતું માંડ ખાવાનું મળે, બચે નહીં એક પાઈ,
નાણાં તું મંગાવે ત્યાંથી, પૈસા તુંને મોકલું ક્યાંથી?

હોટલમાં હું ખાઉં છું માડી, હોટલમાંહી જ વાસ,
ખાવાનું પૂરું ના જડે તે દિ', પીઉં છું એકલી છાશ,
પેટે હું થીંગડા દઉં, વાત મારી કોને કહું?

કાગળ તારો વાંચીને માડી, છાનોમાનો હું રોઉં,
થાક્યોપાક્યો નીંદરમાં હું, તારાં સ્વપ્નાં જોઉં,
આંહુ મારાં કોણ જુવે, માડી વિણ કોણ લૂવે?

સમાચાર સાંભળી તારા, મન મારું બઉ મૂંઝાય,
રાખ્યો પ્રભુએ નિર્ધન મુને, એને કેમ કરી પુગાય?
દશા તારી એવી મારી, કરમની ગત છે ન્યારી !

રેલ-ભાડાના પૈસા નથી ને કેની પાંહે હું જાઉં ?
વગર ટિકીટે માવડી મારી, તારાં દરસને ધાઉં !
માડી મારી વાટડી જોજે, આંહુ માતા ઉરના ધોજે.

લિખિતંગ તારા ગગુડાના, વાંચજે ઝાઝા પરણામ,
છેવટે તુંને મળવા કાજે, આવું છું તારે ધામ,
મા-દીકરો ભેળાં થાહું, સાથે મળીને સરગે જાહું.

– મોહનલાલ નાથાલાલ